# 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિ માત્ર ૯૦ દિવસમાં નંબર-૧ પુસ્તક તરીકેનું સ્થાન પ્રાપ્ત કર્યું

## જીજ્ઞેશ શાહ દ્વારા સર્જવામાં આવેલા માર્કેટ સામ્રાજયને તોડી પાડતાં ષડયંત્રની દાસ્તાન




**આજકાલ કાર્યાલય-રાજકોટ**

ગુજરાતીઓની ઉદ્યોગસાહસિકતા અને માર્કેટની નાડપારખુ શક્તિ સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભારતીય ઔદ્યોગિક જગતના ઈતિહાસમાં એક નહીં પણ અનેક વખત ગુજરાતીને ખતમ કરવાના અનેક કારસાઓ ઘડાયાના દાખલાઓ છે. ગુજરાતી સાથે અન્યાયનો આ સિલસિલો હજુ પણ ચાલુ છે. બહું જ નાની વયે પોતાના બૌધ્ધિક કૌશલ્યથી ભારતમાં એક વિશ્વકક્ષાની માર્કેટ ખડી કરીને ભારતને મુઠ્ઠીઉંચેરુ સ્થાન અપાવનાર જીજ્ઞે શાહ વિજયરથને રાજકીય કાવાદાવા અને નિમ્નકક્ષાના ષડયંત્ર દ્વારા તોડી પડાયું તેની ઝીણવટભરી વિગતોનું આલેખન વરિષ્ઠ પત્રકાર શાંતનુ ગુહા રેએ 'ધ ટાર્ગેટ' નામના પુસ્તકમાં કર્યુ હતું.

શાંતનુ ગુહા રેના પુસ્તક 'ધ ટાર્ગેટ'ની અંગ્રેજીને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદના કારણે 'ધ ટાર્ગેટ'ની ગુજરાતી આવૃત્તિ પ્રગટ કરાઈ છે. આ પુસ્તકની અંગ્રેજી આવૃત્તિ બજારમાં મુકવામાં આવ્યાના ૯૦ દિવસમાં જ 'એમેઝોન' પર 'બિઝનેસ અને ઈકોમોની' કેટેગરીમાં વિશ્વમાં સૌથી વધુ વેચાતા નંબર-૧ પુસ્તક તરીકેનું સ્થાન પ્રામ કર્યુ હતું. એટલું જ નહીં અગ્રણી બૂક સ્ટોર ક્રોસવર્ડમાં પણ સૌથી વધુ વેચાતા પુસ્તક તરીકેનું સ્થાન મેળવ્યું છે જે ખરેખર અભૂતપૂર્વ ઘટના છે. 'ધ ટાર્ગેટ' પુસ્તક તેના નામ અનુસાર દર્શાવે છે કે જીજ્ઞે શાહને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતાં. વરિષ્ઠ પત્રકાર શાંતનુ ગુહા રે લિખિત આ પુસ્તક વાંચ્યા બાદ એનએસઈએલ (નેશનલ સ્પોટ એકસચેન્જ) પ્રકરણના સંખ્યાબંધ અનુત્તર સવાલોના જવાબ મળી રહે છે. કેટલાંક સ્થાપિત હિતોએ પોતાના છૂપા ઈરાસદાર જીજ્ઞેશ શાહને એકસચેન્જ બિઝનેસમાંથી કેવી રીતે બહાર ધકેલી દીધા તેનું પુસ્તકમાં સવિસ્તર વર્ણન કરવામાં આવ્યું છે.

(અનુ. ૧૨માં પાને)

## 'ધ ટાર્ગેટ'

પાના નં. ૬ નું ચાલુ

જીજ્ઞેશ શાહે માત્ર ૧૦ વર્ષના ગાળામાં ભારત, સિંગાપોર, દુબઈ અને આફ્રિકામાં એકસચેન્જોની સ્થાપના કરી હતી. કોઈ ઈનોવેટરે આવી સિધ્ધિ પ્રામ કરી નથી. તેમના એકસચેન્જ ભારતમાં પ્રથમ અને વિશ્વમાં બીજા ક્રમાંકે હતા. તેમને આવડત અને કૂનેહના જોરે કોઈ પાછળ પાડી શકે એમ ન હતું. જો કે તેમણે આ બધા સર્જન કરતી વખતે નેશનલ સ્ટોક એકસચેન્જ (એનએસઈ) અને તેને સમર્થન આપનારા સ્થાપિત હિતોની સાથે અજાણતાં જ દુશ્મની વહોરી લીધી. જીજ્ઞેશ શાહ બજારોનું લોકતાંત્રિકીકરણ કરાવવા માગતા હોવાનું પણ લેખકે કહ્યું છે.

જીજ્ઞેશ શાહે નવો ચીલો પાડીને કરેલા કાર્યોને જોઈને જ લેખકને જીજ્ઞેશ શાહ અને ૧૯૫૦ના દાયકાની સુપ્રસિધ્ધ નવલકથા-'એટલસ શ્રગ'ના મુખ્ય પાત્ર જોન ગલ્ટની તુલના કરવાનું મન થયું હશે. પ્રવર્તમાન સીસ્ટમ સામે બાથ ભીડનારી બન્ને વ્યક્તિઓ-જીજ્ઞેશ શાહ અને ગલ્ટ વચ્ચેના સામ્યને ગુહા રેએ ખરું પારખ્યું છે.